# ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સિદ્ધિ પ્રેરણાનો તેમની જાતિ અને વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ

**મોહન આર. વાજા,**
પીએચ.ડી. રિસર્ચ સ્કોલર, શિક્ષણવિદ્યાશાખા(IASE),ગૂજરાત વિદ્યાપીઠ
Mo. 9274059842 Email:-mohanvaja@gmail.com
**ડૉ.મહેશ નારાયણ દીક્ષિત,**
સહ પ્રાધ્યાપક, શિક્ષણ વિદ્યાશાખા(IASE), ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–14
Mo. 9426325537 Email:-maheshndixit@gmail.com

અધ્યયન–અધ્યાપનના ક્ષેત્રમાં સિદ્ધિ પ્રેરણા એક મહત્ત્વપૂર્ણ સંકલ્પના છે. સિદ્ધિ પ્રેરણા અધ્યયનની ગુણવત્તા સાથે હકારાત્મક રીતે જોડાયેલી છે. પ્રેરણા એ વ્યક્તિના કાર્ય કે ક્રિયા પાછળનું ચાલક બળ છે. પ્રેરણાના જુદા જુદા પ્રકારો છે અને દરેક વ્યક્તિ જુદી–જુદી પ્રેરણાથી પ્રેરાતા હોય છે. પ્રેરણા વ્યક્તિને પડકારરૂપ લક્ષ્ય નક્કી કરવા તેમાં આવતા વિઘ્નોનો સામનો કરવા, તેમજ નિર્ણય લેવામાં મદદરૂપ બને છે. કેટલાક લોકો માટે પ્રેરણાના આ ઘટકો મહત્ત્વના છે. સિદ્ધિ પ્રેરણા એ વ્યક્તિના વર્તનના વિકાસ માટે તેને ઉચ્ચ શક્તિઓ તરફ દોરે છે. સિદ્ધિની પ્રેરણા વ્યક્તિને ઉત્તમતાના ધોરણો અપનાવવા પ્રેરે છે. આ પ્રેરણાને (Need for Achievement) તરીકે પણ ઓળખવામાં આવે છે. સિદ્ધિની પ્રેરણા વ્યક્તિના વર્તનને શક્તિ, દિશા અને પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવાની ક્ષમતા અર્પે છે. સિદ્ધિની પ્રેરણા શારીરિક ન હોવા છતાં વ્યક્તિના વર્તનને જોરદાર અસર કરે છે. સિદ્ધિની પ્રેરણા વ્યક્તિને ઉત્તમતાના ધોરણો અપનાવવા પ્રેરે છે. આ પ્રેરણાને (Need for Achievement) તરીકે પણ ઓળખવામાં આવે છે.

સિદ્ધિની પ્રેરણા વ્યક્તિના વર્તનને શક્તિ, દિશા અને પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવાની ક્ષમતા અર્પે છે. સિદ્ધિ પ્રેરણા શારીરિક ન હોવા છતાં વ્યક્તિના આંતરિક વર્તનને અસર કરે છે. મેકલેલેન્ડ અને તેનાં સાથીદારોએ સિદ્ધિ પ્રેરણા વિશે વ્યાપક અભ્યાસો કર્યા છે. સામાજિક પ્રતિષ્ઠા માટે નહિ પરંતુ ખુદ પોતે કંઈક સિદ્ધ કર્યાનો આંતરિક સંતોષ પ્રાપ્ત કરવા માટે જે કંઈ કાર્ય કરે તેને વ્યવસ્થિત રીતે પૂર્ણ કરવાની વ્યક્તિની ઈચ્છા એટલે સિદ્ધિ પ્રેરણા. મન, ફર્નાલ્ડ અને ફર્નાલ્ડ (૧૯૭૨)ના મતે "સામાન્ય રીતે સિદ્ધિ પ્રેરણા વ્યક્તિની તે આકાંક્ષાના સ્વરૂપમાં વ્યાખ્યાયિત કરવામાં આવે છે જેમાં તેઓ કોઈ ઉચ્ચ સિદ્ધિ કે ઉત્કૃષ્ટતાની પ્રાપ્તિની આકાંક્ષા રાખે છે. ટૂંકમાં સિદ્ધિ પ્રેરણાનું તાત્પર્ય શ્રેષ્ઠતાનું ખાસ સ્તર પ્રાપ્ત કરવાની ઈચ્છા સાથે હોય છે." વ્યક્તિએ–વ્યક્તિએ સિદ્ધિ પ્રેરણાનું પ્રમાણ જુદું–જુદું હોય છે. સામાજિક પ્રતિષ્ઠા માટે નહિ પરંતુ ખુદ પોતે કંઇક સિદ્ધ કર્યાનો

આંતરિક સંતોષ પ્રાપ્ત કરવા માટે જે કંઈ કાર્ય કરે તેણે વ્યવસ્થિત રીતે પૂર્ણ કરવાની વ્યક્તિની ઈચ્છા એટલે સિદ્ધિ પ્રેરણા (મેકલેલેન્ડ 1961). જેનાથી પ્રેરિત થઈને વ્યક્તિ પોતાના કાર્યને એવી રીતે કરે છે કે તે કાર્યમાં વધુમાં વધુ સફળતા મળી શકે તેને સિદ્ધિ પ્રેરણા તરીકે ઓળખી શકાય.

**સમસ્યા પસંદગીના કારણો**

સંશોધનો દ્વારા જાણવા મળ્યું છે કે જે લોકોમાં આ પ્રેરણા વધુ હોય છે તેવા લોકો ઘણા કર્યો મહેનતથી વ્યવસ્થિત રીતે કરે છે. આવા લોકો ખૂબ જ ઝડપથી શીખી લે છે. પરંતુ ધન કે ઈનામ જેવી બાહ્ય બાબતો માટે નહિ પરંતુ પોતાના આત્મસંતોષ અને સ્વ–સ્પર્ધામાં આગળ નીકળવા માટે પ્રયત્ન કરે છે. એવી વ્યક્તિઓ પોતાની જિંદગીમાં વધુમાં વધુ ઉચ્ચ સ્તરની સફળતા પ્રાપ્ત કરવાની કોશિશ કરે છે. આ પ્રેરણા બધી વ્યક્તિઓમાં એકસરખી હોતી નથી. કોઈકમાં આ પ્રેરણા ઓછી તો કોઈકમાં વધુ હોય છે. સિદ્ધિ પ્રત્યે પ્રેરિત હોય તો તે પોતાની અભ્યાસની બાબતમાં વધુ ગંભીરતાપૂર્વક પ્રયાસ કરે છે તેમજ લક્ષ્ય પ્રાપ્તિની બાબતમાં દૃઢતા દાખવે છે. આ સંદર્ભમાં ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ કેટલા ઉન્મુખ છે, તે ક્યા પ્રકારના સ્તર ધરાવે છે તે જાણવાના ઉદ્દેશ્યથી પ્રસ્તુત સંશોધન પ્રપત્ર હાથ ધરાયું છે.

સંશોધક દ્વારા સિદ્ધિ પ્રેરણા સંબંધિત સાહિત્યનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. તેમાં સિદ્ધિ પ્રેરણા સંબંધિત સાહિત્યનો અભ્યાસ કરવામાં આવેલ. સિદ્ધિ પ્રેરણા વિશે થયેલા સંશોધન અભ્યાસોમાં સંશોધક દ્વારા તિવારી (1991) ના સંશોધન અભ્યાસમાં જાતિની બાબતમાં સાર્થક તફાવત જોવા મળ્યો હતો જ્યારે વિસ્તારની બાબતમાં તફાવત જોવા મળ્યો હતો. Zenzen (2002) ના સંશોધનમાં વિસ્તાર અને જાતિની બાબતમાં તફાવત જોવા મળ્યો ન હતો. એસોનડરિયા (2008) ના સંશોધનનો અભ્યાસ કરતાં માલૂમ પડ્યું કે વિદ્યાસહાયક શિક્ષકોમાં જાતિ અને વિસ્તારની બાબતમાં સાર્થક તફાવત નથી. આમ અગાઉ થયેલા સંશોધનોના અભ્યાસ પરથી વિદ્યાર્થીઓની જાતિ અને વિસ્તાર તેમની શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા પર શી અસર કરે છે તે વિષય ચોક્કસ માહિતી પ્રાપ્ત થતી નથી તેથી 'ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સિદ્ધિ પ્રેરણાનો તેમની જાતિ અને વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ' વિષય પર પ્રસ્તુત શોધ પ્રપત્ર હાથ ધરવામાં આવ્યું હતું.

સિદ્ધિ પ્રેરણાની સંકલ્પનાત્મક સ્પષ્ટતા અને વ્યવહારૂ વ્યાખ્યા

મેકલેલેન્ડ (1961) ના મતાનુસાર પ્રત્યેક વ્યક્તિના મનમાં સિદ્ધિ પ્રેરણાનું તત્વ રહેલું હોય છે. સિદ્ધિ માટેના વ્યક્તિના આ સળવળાટને ઢંઢોળવાની જરૂર છે. સિદ્ધિ પ્રેરણા એ વ્યક્તિની સફળતા સાથે સંકળાયેલ ઘટક છે. તો વળી દેસાઈ (1971) સિદ્ધિ પ્રેરણાની સમાજ આ પ્રમાણે આપે છે: વ્યક્તિની ધ્યેયસિદ્ધિ સાથે સંકળાયેલી પ્રેરણાને સિદ્ધિ પ્રેરણા કહેવામા આવે છે. ગુણવત્તાના મૂલ્યો સાથે હરીફાઈમાં મૂકી શકાય એ રીતે

કરવા માટેના વિચારોની ગૂંથણીનું સાતત્ય એટલે સિદ્ધિપ્રેરણા. કોઈપણ કાર્ય વધુને વધુ સારી રીતે કરવાની આંતરિક ઈચ્છા એટલે સિદ્ધિ પ્રેરણા.

પ્રસ્તુત શોધ પ્રપત્રમાં સિદ્ધિ પ્રેરણા જોગસણ (2005) દ્વારા ગુજરાતી રૂપાંતરિત સિદ્ધિ પ્રેરણા કસોટી પર પાત્રોએ આપેલ પ્રતિચારોને આધારે મેળવેલ કુલ પ્રાપ્તાંકો એટલે ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સિદ્ધિ પ્રેરણા.

સંશોધનના ઉદ્દેશ્યો

પ્રસ્તુત સંશોધનના હેતુઓ આ મુજબ હતા–

1. ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સિદ્ધિ પ્રેરણાનું સ્તર જાણવું.
2. ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સિદ્ધિ પ્રેરણા પર તેની જાતિનીઅસર તપાસવી
3. ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સિદ્ધિ પ્રેરણા પર તેમના રહેડાંક વિસ્તારની અસર તપાસવી.

**સંશોધન પદ્ધતિશાસ્ત્ર**

**પદ્ધતિઃ** પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વઃ** પ્રસ્તુત સંશોધનાના વ્યાપવિશ્વ તરીકે ગીર સોમનાથ તેમજ જૂનાગઢ જિલ્લાના ગુજરાતી માધ્યમના ધોરણ 11 ના વિદ્યાર્થીઓ હતા.

નમૂનાની પસંદગીઃ પ્રસ્તુત સંશોધનમાં સ્તરીકૃત ઝૂમખાં નમૂના પદ્ધતિનો ઉપયોગ કરી યાદ્ધચ્છિક રીતે નમૂનો પસંદ કરવામાં આવ્યો હતો. સંશોધનના હેતુઓની પ્રાપ્તિ માટે અંતિમ સ્વરૂપમાં 12 શાળાઓના ધોરણ 11ના વિદ્યાર્થીઓને નમૂનામાં પસંદ કરવામાં આવ્યા હતા. નમૂના પસંદગીમાં સ્તરીકૃત ઝૂમખાં નમૂના પસંદગીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સૌપ્રથમ ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લાઓની શાળાઓને શહેરી અને ગ્રામીણ બે વિભાગોમાં વહેંચી તેમના સરકારી અને ખાનગી બે સ્તરો પાડવામં આવ્યા તે પછી તે વિભાગથી સંબંધિત શાળોઓની યાદી બનાવી તેમાથી યાદ્ધચ્છિક રીતે 6 શહેરી(3 સરકારી અને 3 ખાનગી) અને 6 ગ્રામીણ વિસ્તારની (3 સરકારી અને 3 ખાનગી) શાળાઓની પસંદગી કરી તેમાં અભ્યાસ કરતા બધા વિદ્યાર્થીઓની નિદર્શ તરીકે પસંદગી કરવામાં આવી.

**ઉપકરણઃ** પ્રસ્તુત સંશોધનમાં ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સિદ્ધિ પ્રેરણાનું સ્તર જાણવા માટે શર્મા (1984) રચિત અને જોગસણ (2005) દ્વારા ગુજરાતી રૂપાંતરિત સિદ્ધિ પ્રેરણા કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ઉપકરણમાં વિદ્યાર્થીઓને ઉત્તર આપવા માટે બે વિકલ્પો આપવામાં આવ્યા હતા. જેમાંથી એક વિકલ્પની પસંદગી કરવાની હતી. જો બોક્ષમાં Aમાં (√) ખરાની નિશાની કરવામાં આવી હોય તો 1, 3, 4, 6, 8, 10, 12, 13, 15, 16, 17, 18, 21, 25, 27, 31, 35, 36 અને 37 નંબરના વિધાનોને 1 ગુણ આપવામાં આવ્યો જ્યારે એવી જ રીતે જો બોક્ષ Bમાં

(√)ખરાની નિશાની કરવામાં આવેલ હોય તો અનુક્રમે 2, 5, 7, 9, 11, 14, 19, 20, 22, 23, 24, 26, 28, 29, 30, 32, 33, 34 અને 38 નંબરના વિધાનોને 1 ગુણ આપવામાં આવ્યો.

ઉપકરણની વિશ્વસનીયતા ત્રણ રીતે જોવામાં આવી હતી: (1) કસોટી પુનઃ કસોટી છોકરાઓ માટે N=298 જેમાં r=0.795 અને છોકરીઓ માટે N=301 જેમાં r=0.807 (2) દ્વિવિભાજન કસોટીએ N=100 અને r=0.697 તેમજ (3) Rationalequivalenceમાં N=100 અને r11=0.75. પ્રમાણભૂતતા નક્કી કરવામાં માટે વિષયવસ્તુ, માનદંડ અને ઘટક પ્રમાણભૂતતા ઉપરાંત 40 તજજ્ઞોના મંતવ્યો પણ લેવામાં આવ્યા હતો.

માહિતી એકત્રીકરણ

સંશોધનના વ્યાપવિશ્વમાં ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લાની તમામ સરકારી અને ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને સ્તરીકૃત ઝૂમખાં નમૂના પદ્ધતિનો ઉપયોગ કરી યાદ્દચ્છિક રીતે નિદર્શ પસંદ કરવામાં આવ્યો હતો.

માહિતી એકત્રીકરણ માટે નિદર્શમાં પસંદ થયેલ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યનો પ્રત્યક્ષ રીતે સંપર્ક કરી મંજૂરી મેળવવામાં આવી હતી.પૂર્વમંજૂરી અને નક્કી કરેલ દિવસ અને સમય અનુસાર સંશોધનકર્તા માહિતી મેળવવા માટે વર્ગમાં જઈને વિદ્યાર્થીઓની મુલાકાત કરી. સંશોધન સંબંધી પરિચયાત્મક ચર્ચા કરી કોઈપણ પ્રકારના દબાણ વગર મુક્ત રીતે સાચો પ્રતિચાર આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.પ્રતિચાર આપવા માટે કોઈ નિશ્ચિત સમયમર્યાદા રાખવામા આવી ન હતી પરંતુ બંને ઉપકરણોમાં પ્રતિચાર આપવા માટે 50 થી 60 મિનિટ જેટલો સમય લાગ્યો. ઉપકરણમાં માહિતી પૂર્ણ રીતે ભરાયા બાદ ઉપકરણોના સેટ વિદ્યાર્થીઓ પાસેથી પરત લેવામાં આવ્યા તથા વિદ્યાર્થીઓને સહયોગ આપવા બદલ આભાર માનવામાં આવ્યો હતો.

પરિણામ

ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણાનું સ્તર જાણવું તે સંશોધનના હેતુઓમાંનો એક હતો. શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણાનું સ્તર જાણવા માટે વાય. એ. જોગસણ (2005) દ્વારા ગુજરાતી રૂપાંતરિત સિદ્ધિ પ્રેરણા કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં કુલ 38 વિધાનો હતા તેમજ પ્રતિચાર આપવા માટે બે વિકલ્પો આપેલ હતા. જો સાચો પ્રતિચાર હોય તો 1 ગુણ અને ખોટા પ્રતિચાર માટે 0 ગુણ આપવામાં આવ્યા. કસોટી પર ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પ્રાપ્ત અધિકતમ પ્રાપ્તાંક, સરેરાશ તેમજ ન્યૂનતમ પ્રાપ્તાંકોનું ક્રમશ: 38×1=38, 38/2=19 અને 38×0=0 ગુણ મળી શકે તેમ હતા. ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા કસોટી પર મળેલ પ્રાપ્તાંકોનો વિસ્તાર 18 થી 37 મળ્યો હતો. શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા કસોટી પર ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા મેળવેલ

પ્રાપ્તાંકોની સરાસરી 28.40 તથા પ્રમાણ વિચલનનું મૂલ્ય 3.92 હતું. કસોટી પર મળેલ મધ્યસ્થ અને બહુલકનું મૂલ્ય ક્રમશ: −0.326 અને −0.325 મળ્યું. કકુદત્તાનું પ્રાપ્ત મૂલ્ય ચર્પટ કકુદત્તા પ્રગટ કરે છે તેમજ વિરૂપતાનું આ મૂલ્ય વિતરણની ઋણ વિરૂપતાને સૂચવે છે. એટલે કે કસોટી પર સરેરાશ પ્રાપ્તાંક કરતાં વધારે પ્રાપ્તાંક મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા વધારે હતી.

સંશોધનકર્તા દ્વારા સરાસરી +1થી −1 SD સૂત્રનો ઉપયોગ કરીને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના પ્રાપ્તાંકોને ત્રણ શ્રેણીઓમાં ઉચ્ચ, મધ્યમ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણામાં વર્ગીકૃત કરવામાં આવ્યા જે સારણી 5.1 માંજોઈ શકાય છે.

**સારણી 5.1**

**શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા કસોટીના ના આધારે ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓનું વર્ગીકરણ**

| શ્રેણી | પ્રાપ્તાંક વિસ્તાર | વિદ્યાર્થીઓના પ્રતિશત |
|---|---|---|
| ઉચ્ચ | 32 કે તેથી વધુ | 16% |
| સરેરાશ | 24 થી 31 | 68.2% |
| નિમ્ન | 30 કે તેથી ઓછા | 15.8% |

સારણી 5.6થી સ્પષ્ટ છે કે ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં 16% ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા, 68.2% મધ્યમ શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા અને 15.8% નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા ધરાવતા હતા. નિષ્કર્ષ સ્વરૂપે કહીએ તો 84% ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિધાર્થીઓ શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણાની ઉચ્ચ ક્ષમતાથી ચુક્ત નહોતા.

ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સ્વ–સંકલ્પના પર તેમની જાતિની શી અસર છે તે તપાસવા માટે ઉચ્ચતર માધ્યમિક શાળાના કુમાર અને કન્યાઓના સિદ્ધિ પ્રેરણા કસોટી પર મળેલ સરાસરી પ્રાપ્તાંકો અને પ્રમાણ વિચલનની ગણતરી કરવામાં આવી તથા ટી–ગુણોત્તર વડે અંતરની સાર્થકતાની તપાસ કરવામાં આવી. આ તથ્યનું વિવરણ સારણી 2 માં આપવામાં આવ્યું છે.

**સારણી 2**

**ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સિદ્ધિ પ્રેરણા કસોટી પરના મળેલ પ્રાપ્તાંકોની જાતિના સંદર્ભે સરાસરી, પ્રમાણ વિચલન અને ટી ગુણોત્તર**

| જાતિ | પાત્રોની સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | ટી ગુણોત્તરનું મૂલ્ય | 0.05 સાર્થકતા કક્ષાએ |
|---|---|---|---|---|---|
| કુમાર | 324 | 27.26 | 3.979 | 7.22 | સાર્થક છે |
| કન્યા | 405 | 29.31 | 3.639 | | |

સારણી–2 પરથી જાણી શકાય છે કે પ્રસ્તુત અભ્યાસમાં ઉચ્ચતર માધ્યમિક શાળાના 729 વિદ્યાર્થીઓ નમૂનામાં સમાવિષ્ટ હતા જેમાં 324 કુમાર અને 405 કન્યા હતી. સિદ્ધિ પ્રેરણા કસોટી પર ઉચ્ચતર માધ્યમિક શાળાના કુમારોના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણ વિચલનનું મૂલ્ય અનુક્રમે 27.26 અને 3.979 જોવા મળ્યું હતું જ્યારે કન્યાઓની પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણ વિચલનનું મૂલ્ય અનુક્રમે 29.31 અને 3.64 જોવા મળ્યું હતું. ઉચ્ચતર માધ્યમિક શાળાના કુમારો અને કન્યાઓ દ્વારા સિદ્ધિ પ્રેરણા કસોટી પર મેળવેલા સરેરાશાંકોના ટી–ગુણોત્તરનું મૂલ્ય 7.22 જોવા મળ્યું હતું. જે 0.05 કક્ષાએ સાર્થક હતું.. તેથી સ્પષ્ટ છે કે માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સિદ્ધિ પ્રેરણા કસોટી પર તેમની જાતિની અસર જોવા મળી હતી. ઉચ્ચતર માધ્યમિક શાળાની કન્યાઓની સિદ્ધિ પ્રેરણા કુમારો કરતાં ઊંચી હતી.

ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સિદ્ધિ પ્રેરણા પર તેમના વિસ્તારની શી અસર છે તે તપાસવા માટે ઉચ્ચતર માધ્યમિક શાળાના શહેરી અને ગ્રામીણ વિસ્તારના વિદ્યાર્થીઓને સિદ્ધિ પ્રેરણા કસોટી પર મળેલ સરાસરી પ્રાપ્તાંકો અને પ્રમાણ વિચલનની ગણતરી કરવામાં આવી તથા ટી–ગુણોત્તર વડે અંતરની સાર્થકતાની તપાસ કરવામાં આવી. આ તથ્યનું વિવરણ સારણી–3 માં આપવામાં આવ્યું છે.

**સારણી 3**

**ઉચ્ચતર માધ્યમિક શાળાના શહેરી અને ગ્રામીણ વિદ્યાર્થીઓની સિદ્ધિ પ્રેરણા કસોટી પરના મળેલ પ્રાપ્તાંકોની વિસ્તારના સંદર્ભે સરાસરી, પ્રમાણ વિચલન અને ટી ગુણોત્તર**

| જાતિ | પાત્રોની સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | ટી ગુણોત્તરનું મૂલ્ય | 0.05 સાર્થકતા કક્ષાએ |
|---|---|---|---|---|---|
| કુમાર | 495 | 28.11 | 4.009 | 2.90 | સાર્થક છે |
| કન્યા | 234 | 29.01 | 3.677 | | |

સારણી–3 પરથી જાણી શકાય છે કે પ્રસ્તુત અભ્યાસમાં ઉચ્ચતર માધ્યમિક શાળાના 729 વિદ્યાર્થીઓ નમૂનામાં સમાવિષ્ટ હતા જેમાં 495 શહેરી અને 234 ગ્રામીણ વિદ્યાર્થીઓ હતા. સિદ્ધિ પ્રેરણા કસોટી પર ઉચ્ચતર માધ્યમિક શાળાના શહેરી વિદ્યાર્થીઓના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણ વિચલનનું મૂલ્ય અનુક્રમે 28.11 અને 4.009 જોવા મળ્યું હતું જ્યારે ગ્રામીણ વિદ્યાર્થીઓના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણ વિચલનનું મૂલ્ય અનુક્રમે 29.01 અને 3.677 જોવા મળ્યું હતું. ઉચ્ચતર માધ્યમિક શાળાના શહેરી અને ગ્રામીણ વિદ્યાર્થીઓ દ્વારા સિદ્ધિ પ્રેરણા કસોટી પર મેળવેલા સરેરાશાંકોના ટી–ગુણોત્તરનું મૂલ્ય 2.90 જોવા મળ્યું હતું. જે 0.05 કક્ષાએ સાર્થક હતું.

આથી, કહી શકાય કે શહેરી અને ગ્રામીણ ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સિદ્ધિ પ્રેરણા કસોટી પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા હતા.

શહેરી વિસ્તારના ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના પ્રાપ્તાંકોની સરાસરી 29.01 જોવા મળી હતી. જે ગ્રામીણ વિસ્તારના ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના પ્રાપ્તાંકોની સરાસરી 28.11 કરતાં વધારે હતી. આથી, કહી શકાય કે શહેરી વિસ્તારના ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સિદ્ધિ પ્રેરણા ગ્રામીણ વિસ્તારના ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સિદ્ધિ પ્રેરણા કરતાં સાર્થક રીતે ઊંચી જોવા મળી હતી.

## નિહિર્ત ફલિતાર્થ

સંશોધનના પરિણામ સ્વરૂપે ઉચ્ચતર માધ્યમિક શાળાની કન્યાઓની સિદ્ધિ પ્રેરણા કુમારો કરતાં ઊંચી જોવા મળી હતી. તેવી જ રીતે વિસ્તારની બાબતમાં કહી શકાય કે શહેરી વિસ્તારના ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સિદ્ધિ પ્રેરણા ગ્રામીણ વિસ્તારના ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સિદ્ધિ પ્રેરણા કરતાં સાર્થક રીતે ઊંચી જોવા મળી હતી. જાતિ અને વિસ્તારની અસર ને ટાળવા માટે જરૂરી છે કે સિદ્ધિ પ્રેરણા વિકાસ સંબંધિત તાલીમી કાર્યક્રમોમાં કુમારો તેમજ ગ્રામીણ વિસ્તારના વિદ્યાર્થીઓ તરફ વિશેષ ધ્યાન આપવાની જરૂર છે.

## સંદર્ભ સાહિત્ય

Asondoriya, D. D. (2008). A Study of Achievement Motivation, Adjustment and Job Satisfaction of Vidyasahayak Teacher of saurashtra. Ph.D. Saurashtra University, Rajkot.

દેસાઇ, ડી. બી. અને ત્રિવેદી આર.ડી.(1971). ***સિદ્ધિપ્રેરણા : વિચાર પ્રવેશ બિરાદરી***, એમ.બી.પટેલ કૉલેજ ઓફ એજ્યુકેશ, વલ્લભવિદ્યાનગર, પૃ. 1 થી 17.

દોંગા, એન.એસ. (2007). ***શિક્ષણનું મનોવિજ્ઞાન***. રાજકોટ: નિજિજન સાયકો સેન્ટર.

બેનરજી, એસ.પી.(2014).***પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની સિદ્ધિપ્રેરણાનો અભ્યાસ***. અપ્રકાશિત મહા શોધનિબંધ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

McClelland, D. C. (1961). The Achieving Society. NewYork: Appletom Century-Crofts,p-80.

Tiwari,R.T. (1991). A Study of Achievement Motivation, Intelligence and Personality Traits of Privileged and deprived Children. Ph.D. Thesis Revishanker University. Cited by M. B. Buchin Fourth Survey of Researchin Education, New Delhi: N.C.E.R.T. P-450.